# પ્રકરણ – ૧

# વ્યાખ્યાઓ

## માહિતીના અધિકારી અધિનિયમ–૨૦૦૫માં પ્રયોજવામાં આવેલ અગત્યના કેટલાક શબ્દપ્રયોગની વ્યાખ્યાઓ

(ક) **''સમુચિત સરકાર'' – એટલે :–**

(૧) કેન્દ્ર સરકાર અથવા સંઘ રાજય ક્ષેત્ર વહીવટ દ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલીકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડ રૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તા મંડળ સંબંધમાં, કેન્દ્ર સરકાર :

(૨) રાજય સરકાર દ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સ્થપાયેલ, રચાયેલ, માલીકીવાળા, નિયંત્રણવાળા અથવા ફંડ રૂપે મોટા પાયે ધિરાણ મેળવેલ જાહેર સત્તા મંડળ સંબંધમાં, રાજય સરકાર.

(ચ) **''સક્ષમ સત્તાધિકારી'' – એટલે :–**

(૧) લોકસભા અથવા રાજય વિધાનસભાના અથવા એવી વિધાનસભા ધરાવતા સંઘ રાજયક્ષેત્રના કિસ્સામાં અઘ્યક્ષ અને રાજયસભા અથવા વિધાન પરિષદના કિસ્સામાં અઘ્યક્ષ.

(૨) ઉચ્ચત્તમ ન્યાયાલયના કિસ્સામાં, ભારતના મુખ્ય નાયમૂર્તિ.

(૩) ઉચ્ચ ન્યાયાલયના કિસ્સામાં, ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય નાયમૂર્તિ.

(૪) સંવિધાનથી અથવા તે હેઠળ સ્થપાયેલા અથવા રચાયેલા બીજા સત્તાધિકારીઓના કિસ્સામાં, રાષ્ટ્રપતિ અથવા રાજયપાલ.

(૫) સંવિધાનની કલમ–૨૩૯ હેઠળ નિમાયેલા વહીવટદાર.

(છ) માહિતી એટલે રેકર્ડ, દસ્તાવેજો, મેમો, ઈ–મેઈલ, અભિપ્રાયો, સલાહ, અખબારી યાદી, પરિપત્રો, હુકમો, લોગબુક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડલ્સ, કોઈ ઈલેકટ્રોનિક સ્વરૂપની માહિતી – સામગ્રી અને

તત્સમયે અમલમાં આવેલ હોય તેવા કોઈ કાયદા હેઠળ જાહેર સત્તામંડળ મેળવી શકે તેવી કોઈ ખાનગી મંડળને લગતી માહિતી સહિતની કોઈપણ સ્વરૂપમાં કોઈપણ સામગ્રી.

(ઝ) **''જાહેર સત્તામંડળ'' — એટલે :—**

(ક) સંવિધાનથી અથવા તે હેઠળ,

(ખ) સંસદે કરેલા બીજા કોઈ કાયદાથી,

(ગ) રાજય વિધાન મંડળે કરેલા બીજા કોઈ કાયદાથી,

(ઘ) સમૂચિત સરકારે બહાર પાડેલા કોઈ જાહેરનામાથી અથવા કરેલા કોઈ હુકમથી,

સ્થાપેલ અથવા રચેલ કોઈ સત્તામંડળ અથવા સ્વરાજયની સંસ્થા અને તેમાં સમૂચિત સરકારે પૂરા પાડેલ ફંડથી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે.

(૧) માલિકીના નિયંત્રણ અથવા મોટા પાયે ધિરાણ મેળવેલ મંડળ,

(૨) મોટા પાયે ધિરાણ મેળવતા બિન સરકારી સંગઠનનો પણ સમાવેશ થાય છે.

(ટ) **''રેકર્ડ''માં નીચેનો સમાવેશ થાય છે :—**

(ક) કોઈ દસ્તાવેજ, હસ્તપ્રત અથવા ફાઈલ,

(ખ) કોઈ દસ્તાવેજની માઈક્રો ફિલ્મ, માઈક્રોફીશ અથવા ફેસીમાઈલ નકલ.

(ગ) આવી માઈક્રો ફિલ્મમાં સમાવિષ્ટ પ્રતિકૃતિ અથવા પ્રતિકૃતિઓની (મોટી કરેલી હોય કે ન હોય તો પણ) કોઈ નકલ; અને

(ઘ) કોમ્પ્યુટર અથવા બીજા કોઈ સાધનથી રજૂ કરેલી કોઈ સામગ્રી.

(ઠ) **''માહિતીનો અધિકાર'' એટલે આ અધિનિયમ હેઠળ કોઈ જાહેર સત્તામંડળ પાસેની અથવા તેના નિયંત્રણ હેઠળની માહિતી મેળવવાનો અધિકાર અને તેમાં :—**

(૧) કામકાજ દસ્તાવેજો, રેકર્ડની તપાસ કરવાના,

(૨) દસ્તાવેજો અથવા રેકર્ડની નોંધ, ઉતારા અથવા પ્રમાણિપ નકલો લેવાના,

(૩) સામગ્રીના પ્રમાણિત પૂરાવા લેવાના,

(૪) ડિસ્કેટસ, ફલોપી, ટેપ, વિડીયો કેસેટના સ્વરૂપમાં અથવા બીજા કોઈ ઈલેકટ્રોનીક પદ્ધતિ અથવા જયારે આવી માહિતી કોઈ કોમ્પ્યુટરમાં અથવા બીજા કોઈ સાધનમાં સંગ્રહિત હોય ત્યારે પ્રિન્ટ આઉટ મારફતે મેળવવાના, અધિકારનો સમાવેશ થાય છે.

(ડ) ''રાજય માહિતી પંચ'' એટલે કલમ—૧૫ની પેટા કલમ(૧) હેઠળ રચાયેલું રાજય માહિતી પંચ : —

(ઢ) ''રાજયના મુખ્ય માહિતી કમિશ્નર'' અને ''રાજયના માહિતી કમિશ્નર'' એટલે કલમ—૧૫ની પેટા કલમ(૩) હેઠળ નિમાયેલ રાજયના મુખ્ય માહિતી કમિશ્નર અને રાજયના માહિતી કમિશ્નર.

(ત) ''રાજયના જાહેર માહિતી અધિકારી'' એટલે કલમ—૫ની પેટા કલમ(૧) હેઠળ મૂકરર કરેલ રાજયના માહિતી અધિકારી અને તેમાં પેટા કલમ(૨) હેઠળ એવા રાજયના મદદનીશ જાહેર માહિતી અધિકારીનો પણ સમાવેશ થાય છે.

(થ) ''ત્રાહિત પક્ષકાર'' એટલે માહિતી માટે વિનંતી કરનાર નાગરિક સિવાયની કોઈ વ્યકિત અને તેમાં જાહેર સત્તામંડળનો સમાવેશ થાય છે.